સાયબર ફ્રોડના 1,500 કરોડ વ્હાઈટ

ચીટર અબુએ મની એક્સચેન્જમાં 120 કરોડ રૂપિયા આપીને નાણાં વ્હાઇટ કર્યાં, તેના બદલામાં યુએસડીટી પણ ખરીદીને નાણાં સિફ્તાઇથી દેશ બહાર મોકલી દીધા

ચીટરોએ પેરેલેલ ફોરેક્સ સ્કેમમાં આગોતરા માંગતા હાઇકોર્ટે રિજેક્ટ કર્યા

સુરતઃ ઉધના પોલીસે હાલમાં ચાઇનીઝ ગેંગના હાથા બનેલા કિરાત જાદવાણી અને વૃદા જાદવાણીનું દોઢ હજાર કરોડનું સ્કેમ પકડ્યું છે, તેમાં આ આરોપીઓએ દોઢ હજાર કરોડ રૂપિયાને વ્હાઇટમાં તબદીલ કરવાનું આખું રેકેટ પણ પોલીસના હાથમાં આવ્યું છે. ચીટિંગના હજારો કરોડો રૂપિયા બિન્દાસ્ત ફરીથી વ્હાઇટ સિસ્ટમમાં સિફ્તાઈથી નાંખી દેવાયા. ઈડી અને આઈટી પણ હાલમાં તો આ સિસ્ટમથી ચોંકી ગઇ છે. એટલેકે લોકો સાથે ચીટિંગ કરીને જે નાણાં ડિજિટલ એરેસ્ટ કે પછી છેતરપિંડી ઓનલાઇનથી મેળવાયા છે, તે તમામ નાણાં ફરીથી વ્હાઇટમા કન્વર્ટ થઇ રહ્યા છે. આ કૌભાંડમા સંડોવાયેલા હાલમાં તો ચિરાગ અને તેના ચાર મળતિયાઓના ફોરેક્સ ટ્રેડિંગ કેસમા હાઇકોર્ટ દ્વારા આગોતરા જામીનની અરજીને નામંજૂર કરી દીધી છે. અને કિરાત તે ચાઇનીઝ ગેંગના હજારો કરોડો રૂપિયા વ્હાઇટમા ફેરવવા સોપારી લીધી હતી. તેમા પાંચથી દસ ટકા કમિશન લઇને બેંકના સ્ટાફ સાથે મળીને સંખ્યાબંધ ફ્રોડ ભૂતિયા એકાઉન્ટ ખોલાવીને હજારો કરોડો ચાઇનીઝ ગેંગને કોલાલામ્પુર મલેશિયા અને દુબઇ ખાતે મોકલ્યા છે.

આ નાણાંને વ્હાઇટમાં ફેરવવામાં આવ્યાં

- હાલમાં સુરતમાં હજારો ભૂતિયા એકાઉન્ટ છે, એટલે કે માલિકને ખબર નથી તેવા એકાઉન્ટો ખોલાયા છે.
- અબુ ચામડિયા જે સુરતમા આવેલી મીસ્ટર શુઝનો માલિક છે, તેણે આ એકાઉન્ટ્સ મેળવ્યા
- ત્યારબાદ આ એકાઉન્ટમાં 120 કરોડ રૂપિયાનું ટ્રાન્જેક્શન કરાયું.
- આ નાણાં તે અમિત ચોકસી જે આંગડિયા પેઢીનું કામ કરે છે, તેની મની ટ્રાન્સફર બ્રાન્ચમાં કરોડો રૂપિયા તબદીલ કર્યા
- અબુ ચામડિયાએ આ નાણાં અમિત ચોકસીના આખા દેશમાં રહેલા સબ એજન્ટો પાસે વ્હાઇટમાં તબદીલ કરાવ્યા
- ચીટિંગના 120 કરોડ રૂપિયા ફરીથી બજારમાં લાવીને તેના યુએસડીટી તેણે અમિત પાસેથી ખરીદી લીધા.
- આમ આ નાણાં ફરીથી બજારમાં આવ્યા પરંતુ યુએસડીટી ખરીદીને ચાઇનીઝ આકાઓને આ નાણાં આપવામા આવ્યા
- આમ ચીટિંગના હજારો કરોડો રૂપિયા બિન્દાસ્ત ફરીથી સિસ્ટમમા ખૂંખાર ચાઇનીઝ ગેંગ તબદીલ કરી રહી છે.

હાઇકોર્ટે પણ ચીટરોના આગોતરા જામીન રિજેક્ટ કર્યા

કિરાત જાદવાણી અને વૃન્દા જાદવાણીએ હજારો કરોડો રૂપિયાનુ 1550 કરોડ રૂપિયાનુ સ્કેમ કર્યા બાદ ચિરાગે આ નાણા તે ફોરેક્સમાં રોક્યા હતા. ધર્મેશ કુકડિયા, પિયુષ કુકડીયા, વિશાલ સાકરાવાળા, મીત ખોખર, વિશાલ લીંબાળાની આગોતરા જામીનઅરજી રીજેક્ટ કરી છે. આ લોકોએ ફોરેક્સમાં પણ લોકો સાથે છેતરપિંડી કરી છે. દુબઇમાં બેસેલા તેમના આકા અંકુર પટેલ દ્વારા લોકો પાસેથી કરોડો રૂપિયા લોકો લઇને બાદમાં સાત ટકા વ્યાજ માસિક આપવાની વાત કરીને બાદમા કરોડોનું ઉઠમણું કરવામાં આવતું હતું. અંકુર અગાઉ સાતસો કરોડ રૂપિયાનું ઉઠમણું કરીને હાલમા દુબઇમાં બેઠો છે. મીત મારફત હાલમાં તે આખું રેકેટ ફોરેક્સનું ચલાવી રહ્યો છે, ત્યારે ઉધના પોલીસે આ કૌભાંડને સલગ્ન એવા અન્ય ચાર જેટલા ફોરેક્સ કૌભાંડમા પણ ફરિયાદ દાખલ કરી છે. ત્યારે આ પાંચ લોકોની આગોતરા જામીન હાઇકોર્ટ દ્વારા દસ હીયરિંગ બાદ રીજેક્ટ કરવામા આવી છે.

શિક્ષણ સમિતિની શાળાઓમાં સ્પોર્ટ્સ ડે

■ ખાનગી શાળાઓની જેમ હવે નગર પ્રાથમિક શિક્ષણ સમિતીની શાળાઓમાં પણ જુદા જુદા ડેની ઉજવણી કરવામાં આવે છે ત્યારે નાનપુરાની શાળામાં સ્પોર્ટ્સ ડેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. **(તસવીર : સતીષ જાદવ)**

ચેક રિટર્ન કેસમાં ક્રેડિટ સોસા.ના ડિફોલ્ટરને સજા

સુરતઃ આવકાર અર્બન કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ.ના ડિફોલ્ટર કમલેશ કવાડને કોર્ટે છ માસની કેદની સજા ફટકારી હતી. આરોપી કમલેશ કવાડે ફરીયાદીની સંસ્થા આવકાર અર્બન કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. પાસેથી લોન લીધી હતી. જે નાણાંની પરત માંગણી કરતાં આરોપી ફરિયાદી સંસ્થાને ચેક આપ્યો હતો, જે ચેક રિટર્ન થતાં સંસ્થાએ વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. ટ્રાયલ કોર્ટ ફરીયાદી તર્ફે એડવોકેટની દલીલો માન્ય રાખી આરોપી કમલેશ કવાડને તકસીરવાર ઠરાવી છ માસની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો.

ભેસ્તાનમાં આર્થિક સંકડામણમાં મહિલાએ ફાંસો ખાધો

સુરતઃ મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની અને હાલ ભેસ્તાન ભીંડી બજાર ખાતે આવેલા બિલાલ નગરમાં રહેતા સિકંદર પીંજારી બંને છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતાં. દરમિયાન ગઈકાલે સાંજે હીનાબેને ઘરે રસોડામાં છતમાં લગાવેલા લોખંડની એંગલ સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

છત્તીસગઢનો આરોપી સુરતમાંથી ઝડપાયો

સુરતઃ સચીન પોલીસે બે વર્ષ પહેલા છત્તીસગઢમાં ચાકુથી હુમલો કરીને ફરાર થઇ ગયેલા આરોપીને સુરતમાંથી સોધી કાઢ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર પકડાયેલા આરોપીનું નામ કમલ રાજુભાઇ ઢીમર છે. હાલ તે સચિનના વાંઝ ગામ ખાતે આકાશવિલા એપાર્ટમેન્ટમાં રહેતો હતો અને તે મૂળ છત્તીસગઢના કોલિયારી ગામનો છે. બે વર્ષ પહેલા તેણે ધમતારી જિલ્લામાં એક વ્યક્તિ પર ચાકુથી હુમલો કર્યો હતો અને ત્યારબાદથી ફરાર હતો. જેને સચિન પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી વધુ તપાસ શરુ કરી છે.

લાંચ કેસમાં વકીલનાં જામીન મંજૂર

સુરતઃ લાંચ કેસમાં એડવોકેટ ચિરાગ રમણીકભાઇ ગોંડલીયાની જામીનઅરજી હાઇકોર્ટે મંજૂર કરી હતી. કીમ પોલીસ સ્ટેશનના પી.આઇ. તથા એડવોકેટ ચિરાગ રમણીકભાઈ ગોંડલીયાની ગત તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ સુરત ગ્રામ્ય એ.સી.બી પોલીસે લાંચ કેસમાં ધરપકડ કરી હતી. એડવોકેટ ચિરાગ રમણીકભાઈ ગોંડલીયાએ વકીલ નિલેશ એમ. વઘાસીયા તથા એડવોકેટ લોખંડવાલા મારફતે ગુજરાત હાઇકોર્ટમાં જામીનઅરજી કરી હતી. બંન્ને પક્ષની દલીલો બાદ ગુજરાત હાઇકોર્ટે જામીનમુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

ડિંડોલીમાં BRTS બસમાં મોબાઈલ ચોરની લોકોએ સરભરા કરી

લોકોનો રોષ જોઈ ચોરે ઘૂંટણિયે પડીને માફી માંગી, વિડીયો વાયરલ થતાં પોલીસ એક્શનમાં

સુરતઃ શહેરના ડિંડોલી વિસ્તારમાંથી પસાર થતી BRTS બસમાં મોબાઈલ ચોરીની ઘટના દરમિયાન મુસાફરોની સતર્કતાએ એક ચોરની ચાલાકી નિષ્ફળ બનાવી દીધી હતી. ભીડનો લાભ લઈ મોબાઈલ ચોરવાનો પ્રયાસ કરનાર શખ્સને લોકોએ પકડી રસ્તા પર જ બરોબરનો પાઠ ભણાવ્યો હતો. સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ પણ હરકતમાં આવી છે.

ડિંડોલીની માનસી રેસિડેન્સી નજીકથી પસાર થતી BRTS બસમાં રોજની જેમ મુસાફરોની ભારે ભીડ હતી. આ અવસરને તક સમજી એક શખ્સ મુસાફરોના ખિસ્સામાં હાથ નાખી મોબાઈલ ફોન સેરવી લેવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, જાગૃત મુસાફરની નજર પડતાં જ ચોરીનો પ્રયાસ પકડાઈ ગયો હતો.

ચોર ઝડપાતાની સાથે જ બસમાંથી તેને બહાર ઉતારવામાં આવ્યો હતો. ઘટનાથી ઉશ્કેરાયેલા લોકોના ટોળાએ રસ્તા પર જ તેને ઘેરી લીધો હતો. લોકોએ તેને જાહેરમાં મેથીપાક ચખાડ્યો હતો. ચોરનું ટીશર્ટ ફાટી ગયું હતું અને તેના મોઢામાંથી લોહી નીકળતું પણ નજરે પડ્યું હતું. પરિસ્થિતિ વધુ વિકટ બનતાં ચોરે આખરે ઘૂંટણિયે પડીને લોકો સામે માફી માંગી હતી. બે હાથ જોડીને અને કાન પકડીને તે પોતાની ભૂલ સ્વીકારી છોડી દેવા માટે કાલાવાલા કરતો જોવા મળ્યો હતો. થોડા સમય માટે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને BRTSના અન્ય મુસાફરોમાં પણ ભય ફેલાયો હતો.

આ સમગ્ર ઘટનાનો કોઈએ મોબાઈલમાં વિડીયો ઉતારી સોશિયલ મીડિયામાં મૂકી દીધો હતો, જે ટૂંકા સમયમાં જ વાયરલ થયો હતો. વિડીયો સામે આવતા જ ડિંડોલી પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે અને શખ્સની ઓળખ સાથે તેના ભૂતકાળના રેકોર્ડની પણ તપાસ કરવામાં આવી રહી છે.

ઓટો રિક્ષામાં સોનાની ચેઈન ચોરનારા ઝડપાયા

સુરત : સચિન પારડી વિસ્તારમાં ઓટોરિક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેસી આધેડની સોનાની ચેઈન ચોરી કરનાર ગઠિયાઓને સચિન GIDC પોલીસે પકડી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં (૧) રમજનશા સલીમશા જાતે શા (ઉ.વ. ૩૪ રહે. રફીકભાઈના મકાનમાં, અણવરનગર, અંજનાફાર્મ, સલાબતપુરા, સુરત) (૨) મોહમદ હનીફ ઉર્ફે જવઈ રફીક શેખ (ઉ.વ. ૩૩ રહે. કમરૂનગર એપાર્ટમેન્ટ, લિંબાયત, સુરત)(૩) સમીરશા ઉર્ફે માનસિક નાશીરશા જાતે શા (ઉ.વ. ૨૨ રહે. ખાનપુરા સોસાયટી, મદિના મસ્જિદ પાછળ, લિંબાયત) નો સમાવેશ થાય છે. તેમણે સચિનની રાધાકિશન સોસાયટીમાં રહે વિપુલભાઈ હર્ષદભાઈ મહેતાને વાતોમાં ભોળવી નજર ચૂકવી 1.40 લાખની સોનાની ચેઈન ચોરી લીધી હતી.

સગરામપુરા ઝુંડાશેરીમાંથી કુટણખાનું મળી આવ્યું

પોલીસે સંચાલક દંપતી અને પાંચ ગ્રાહકની ધરપકડ કરી

સુરતઃ અઠવાલાઈન્સ પોલીસે સગરામપુરા ઝુંડાશેરી વિસ્તારમાં ચાલતા એક કુટણખાનાનો પર્દાફાશ કરી દેહવ્યાપાર ચલાવતા મુખ્ય આરોપીઓ સહિત ત્યાં શરીરસુખ માણવા માટે આવેલા પાંચ ઈસમને ઝડપી લીધા છે.

અઠવાલાઈન્સ પોલીસને માહિતી મળી હતી કે સગરામપુરા, ઝુંડાશેરીમાં યશોદા રેસિડેન્સી, પ્લોટ નં. G-1 ના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલા ફ્લેટ નં. 101માં ગેરકાયદે દેહવ્યાપારનો અડ્ડો ચલાવવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે ત્યાં રેઇડ કરી આરોપી અશોક બંસી તરાઈ તથા તસ્લીમા અશોક બંસી તરાઈને ઝડપી લેવામાં આવ્યા હતા, જેઓ બહારથી મહિલાઓને દેહવ્યાપાર માટે લાવી તેમને ગ્રાહકો સાથે મોકલી શરીરસુખ માણવાની સગવડ પૂરી પાડતા હતા અને બદલામાં રૂપિયા મેળવી આર્થિક લાભ માટે કુટણખાનું ચલાવતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આ ઉપરાંત શરીરસુખ માણવા માટે આવેલા પાંચ ગ્રાહકને પણ પોલીસે સ્થળ પરથી ઝડપી લીધા હતા.

પકડાયેલ સંચાલક સહિતના આરોપીઓ

અશોક બંસી તરાઈ (ઉ.વ.૪૦), તસ્લીમા અશોક બંસી તરાઈ (ઉ.વ.૩૬) (બંને રહે., યશોદા રેસિડેન્સી, ઝુંડાશેરી, સગરામપુરા, સુરત, મૂળ વતન મારદામેખા, ઓડિશા) તેમજ ગ્રાહકો રમઝાન ઝુમન શેખ (ઉ.વ.૫૬, ટેમ્પોચાલક, રહે., હરિનગર-૨, બી.આર.સી. કેનલ, ઉધના), કન્હૈયા ગાંધી પ્રધાન (ઉ.વ.૨૨, ટેમ્પોચાલક, રહે., હરિનગર-૨, બી.આર.સી. કેનલ, ઉધના, મૂળ વતન જૈસમપુર, ઓડિશા), પપુના કાલુ પઢીયારી (ઉ.વ.૩૦, મજૂરી, રહે., કન્યાસી, પીપોદરા, કિમ, સુરત, મૂળ વતન ધૌગામ, ઓડિશા), સુબો વાસુદેવ સોરેન (ઉ.વ.૨૫, મજૂરી, રહે., જાનકી એપાર્ટમેન્ટ, ભોલેનાથ મંદિર પાસે, વરાછા, સુરત, મૂળ વતન સોમરા બજાર, જિ. હુગલી, પશ્ચિમ બંગાળ) અને સુફીઉદ્દીન સમાદ મલીક (ઉ.વ.૪૦, મજૂરી, રહે., જાનકી એપાર્ટમેન્ટ, ભોલેનાથ મંદિર પાસે, વરાછા, સુરત, મૂળ વતન કિસકિંધા, પશ્ચિમ બંગાળ)

કતારગામમાં હત્યા કરી 14 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

2012માં એમ્બ્રોઇડરીના કારખાનામાં હત્યા કરીને મિદનાપુરમાં સંતાયો હતો

સુરત : કતારગામમાં વર્ષ 2012માં બનેલી કરપીણ હત્યાના કેસમાં 14 વર્ષથી પોલીસને ચકમો આપતો આરોપી અંતે સુરત પોલીસના હાથે ઝડપાયો છે.

વર્ષ 2012માં કતારગામ નવી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલા એમ્બ્રોડરીના ખાતા નંબર 532-533માં કામ કરતા મુસ્તફા મસરૂદ્દીન શેખની હત્યા કરવામાં આવી હતી. આ હત્યા તેના જ વતનના શેખ બાબરઅલી ઉર્ફે એસ.કે. બાબર (રહે. છોટા સિગુઆ, પશ્ચિમ બંગાળ)ની સંડોવણી બહાર આવી હતી. જૂની અદાવતમાં હત્યા કરીને ફરાર થઇ ગયેલો આરોપી છેલ્લા 14 વર્ષથી પોલીસને ચકમો આપતો હતો. નાયબ પોલીસ કમિશનર રાઘવ જૈન (ઝોન-3)ના માર્ગદર્શન હેઠળ સુરત શહેર પોલીસની એલ.સી.બી. ઝોન-3ની ટીમે લાંબા સમયથી પડકારરૂપ બનેલા એક હત્યાના કેસમાં નોંધપાત્ર સફળતા મેળવી છે.

કતારગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં 14 વર્ષ અગાઉ નોંધાયેલા ગુનામાં ફરાર રહેલો મુખ્ય આરોપી ને પશ્ચિમ મેદિનીપુર ખાતેથી ઝડપી લેવામાં આવ્યો છે. ડીસીપી રાઘવ જૈને જણાવ્યું હતું કે, હત્યા કર્યા બાદ આરોપી અલગ-અલગ રાજ્યોમાં છુપાઈને રહેતો હતો અને હાલ તે પોતાના વતનમાં ખેતી સહિત છૂટક મજૂરીનું કામ કરતો હતો.

સારોલીના કાપડ દલાલ સાથે 40 લાખની છેતરપિંડી

અમદાવાદના કાપડ દલાલે વેપારીઓ સાથે મળી કરામત કરી, બે પકડાયા

સુરતઃ વેસુ સોમેશ્વર એન્કલેવ નજીક અનુપમ હાઇટ્સમાં રહેતા અને સારોલી શ્રી કુબેરજી વર્લ્ડ ટેક્સટાઇલ માર્કેટમાં "શ્રી અરહમ સિલ્ક મિલ્સ" નામે દુકાન ધરાવતા કાપડ વેપારી વિજીત ચંદનકુમાર શાહ (ઉ.વ.૪૨) કાપડ દલાલ અમીતભાઈ ટોલરામભાઈ ગુરનાનીના સંપર્કમાં આવ્યા હતાં. તેણે તેમની ઓળખાણ જુદા જુદા કાપડ વેપારીઓ સાથે કરાવી સમયસર પેમેન્ટની ખાતરી આપી હતી. કમલ ટ્રેડર્સના માલિક નરેશ ખટિકે તેમની પાસેથી રૂ.૩૭.૮૯ લાખનો માલ મંગાવી માત્ર રૂ.૧૩.૨૨ લાખ ચૂકવ્યા હતા. કેશર કોર્પોરેશનના માલિક છગનભાઈ સકારામ ભાટી (કેશર કોર્પોરેશન)એ રૂ.૪.૧૦ લાખ, એસવીપી ટેક્સટાઇલના માલિક જયદીપભાઈ ઉર્ફે વિજયભાઈ જગદીશભાઈ સોનીએ રૂ.૬.૧૦ લાખ, ગૌરવકુમાર મહેશભાઈ મકવાણા (વૈદીકા ક્રીએશન) એ રૂ.૫.૦૪ લાખનો માલ લઈ ચૂકવણી કર્યા વગર જ નાસી ગયા હતાં.

પકડાયેલા આરોપીઓ

નરેશકુમાર હીરાલાલ ચોલા (ખટીક) (ઉ.વ.૩૯, રહે., બી/૭ સીલ્વર સિટી સોસા. વસ્ત્રાલ, અમદાવાદ, મૂળ નાગૌર (રાજસ્થાન) અને ગૌરવકુમાર મહેશભાઈ મકવાણા (ઉ.વ.૩૨, રહે., ૪, સુદર્શન સોસાયટી નરોડા, અમદાવાદ, મૂળ.ભાવનગર)

ફરાર આરોપીનાં નામ

છગનભાઇ સકારામ ભાટી (કેશર કોર્પોરેશનના પ્રોપ્રાયટર, દુકાન નં-ઇ/૧૧૪, સફર-૭, પહેલો માળ, સોનીની ચાલ, રખીયાલ રોડ, અમદાવાદ), જયદીપભાઇ ઉર્ફે વિજયભાઇ જગદીશભાઇ સોની (એસ.વી.પી. ટેક્સટાઇલ્સ, દુકાન નં.એ/૫૯, સુમેલ બિઝનેસ પાર્ક-૨, કાકરીયા રોડ, અમદાવાદ, અને દલાલ અમીતભાઇ ટોલરામભાઇ ગુરનાની (સી/૨૨૯, સફલ-૦૨ માર્કેટ, કાકરીયા રોડ, અમદાવાદ)

કપલેથામાંથી ગૌવંશ કતલ કરનાર ખાટકી ઝડપાયો

સચિન પોલીસે ચાર પશુઓને બચાવ્યાં, કતલ કરાયેલા ગૌવંશનું માંસ જપ્ત

સુરત : સચિન પોલીસમથકની હદમાં આવતા કપલેથા ગામમાંથી પોલીસે ચાર પશુને બચાવી એક ખાટકીની ધરપકડ કરી છે. કતલ કરાયેલા એક ગૌવંશનું માંસ કબજે લીધું છે જ્યારે એકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

સચિન પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે કપલેથા ગામ ખાતે જુમ્મા મસ્જિદ પાછળ આવેલા ગાંડા બાવળના ઝાડી-ઝાંખરામાં એક ઈસમ ગૌવંશને કતલ કરવાના ઈરાદે લઈ ગયો છે. આ બાતમીને આધારે પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી અને જુમ્મા મસ્જિદ નજીક આવેલા ઝાડી-ઝાંખરામાં દરોડો પાડ્યો હતો.

પોલીસે દરોડા દરમિયાન અયુબ ઉર્ફે બગોલી ઈબ્રાહીમ ચીંચવાડીયા (રહે.- જુમ્મા મસ્જિદ પાસે, કપલેથા ગામ, સચિન)ને સ્થળ પરથી ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળની તલાશી લેતા ત્રણ વાછરડીઓ અને એક વાછરડો જીવીત હાલતમાં મળી આવ્યા હતા જેને કતલ કરવાના ઈરાદે બાંધી રાખવામાં આવ્યા હતા.

પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે પોલીસ પહોંચે તે પહેલાં આરોપીએ અન્ય ગૌવંશનું કતલ કરી તેનું માંસ સગેવગે કરી દીધું હતું. સ્થળ પરથી ગૌવંશના કતલ થયેલા માંસનો જથ્થો પણ મળી આવતા પોલીસે તે જપ્ત કર્યો હતો. પોલીસે આ ગુનામાં આરોપીને મદદગારી કરનાર એક અજાણ્યા ઈસમને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

UM રોડ સ્થિત પ્લાયવૂડના ગોડાઉનમાં ભીષણ આગ

ધુમાડાને કારણે જવાનોએ માસ્ક પહેરી આગ ઓલવવી પડી

સુરતઃ ઉધના મગદલ્લા રોડ સ્થિત આવેલાં પ્લાઈવુડના એક ગોડાઉનમાં મંગળવારે સાંજે આગ ભભૂકી ઉઠી હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ ઉધના મગદલ્લા રોડ સ્થિત નવજીવન ઈન્ડસ્ટ્રીમાં આવેલા ખાતાનં-20માં આજે સાંજે 5:20 કલાકે પ્લાયવુડનાં ગોડાઉનમાં આગ લાગી હતી. જેની જાણ થતાં મજુરા, માનદરવાજા, ઉધના, ભાઠેના અને ડિંડોલી એમ પાંચ ફાયર સ્ટેશનની 7થી 8 ગાડી સાથે 25થી વધુ ફાયર ફાઈટરોની ટીમ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી.

ફાયર સબ ઓફિસર ક્રિષ્ના મોઢે જણાવ્યું હતું કે, ખાતા નં-20 એ અંદરની સાઈડ ઉપર પ્લાયવુડનુ ગોડાઉન આવેલું હતું. તેથી ફાયરનાં કાફલાને અંદર સુધી પહોંચતા ખાસ્સો સમય લાગી ગયો હતો. આખે આખા ગોડાઉનમાં પ્લાઈવુડનો માલ ખચોખચ ભરી રાખવામાં આવ્યો હતો. બેકાબૂ બનેલી આગને કારણે ધૂમાડાનું પ્રમાણ પણ ખૂબજ મોટી માત્રામાં હતું. તેથી ફાયર ફાઈટરોએ બીએસએફનાં માસ્ક પહેરીને આગ ઓલવવા માટે ગોડાઉનમાં પ્રવેશ કર્યો હતો. દોઢ કલાકે આગ કાબૂમાં આવી હતી. ફાયર સબ ઓફિસર ક્રિષના મોઢનાં જણાવ્યા મુજબ, માળિયામાં પ્લાયવુડનો જથ્થો ખચોખચ હોવા છતાં ગોડાઉન માલિકે કોઈપણ પ્રકારનાં ફાયરનાં ઈક્યુપમેન્ટ રાખ્યા ન હતા કે એર વેન્ટિલેશનો પણ બનાવ્યા ન હતા.

હરિપુરામાં 6 લાખનું સોનું લઇ કારીગર ફરાર

સુરતઃ સૈયદપુરાના ઈસરાર પેલેસમાં રહેતા શેખ અજીજુલ ઈસ્લામ કાસેમ અલીએ અમરોલી કોસાડ આવાસમાં રહેતા અને હરીપુરા સોંયશેરીમાં સોનાના દાગીના બનાવવાનું કામ કરતાં મિન્ટુ શેખને સોનાની ચેઈન બનાવવા માટે 45.843 ગ્રામ વજનનું સોનું આપ્યું હતું, જેની બજાર કિંમત પ્રતિ ગ્રામ રૂ.14,000 પ્રમાણે અંદાજે રૂ.6,41,800 થાય છે. આરોપીએ નક્કી કરેલા સમયમર્યાદામાં દાગીના બનાવી પરત આપવાનું વચન આપ્યું હતું. પરંતુ નક્કી કરેલા સમય બાદ પણ મિન્ટુ શેખે ન તો સોનાની ચેઈન પરત કરી હતી અને નાસી છૂટ્યો હતો. જેથી તેની સામે સોનું ગુમાવનાર અજીજુલે લાલગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સોનાના ભાવ વધી ગયા છે ત્યારથી અત્યાર સુધીમાં અનેક બંગાળી કારીગરો સામે ઉચાપતના ગુના નોંધાયા છે.

લેન્ડ ગ્રેબિંગ કેસમાં પ્રભાત રબારી, બાબુ રબારીના આગોતરા નામંજૂર

જમીનની અદલા-બદલીમાં આરોપીઓએ કબજો ખાલી કરવાના બદલે તબેલો બનાવી દીધો

સુરતઃ લેન્ડ ગ્રેબિંગના કેસમાં આરોપી પ્રભાતભાઈ રબારી તથા બાબુ રબારીની આગોતરા જામીનઅરજી કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી પ્રભાતભાઈ રબારી તથા બાબુ રબારીએ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદમાં ધરપકડથી બચવા કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

વેસુમાંના સરવે નં.૫૮૪, નવા સરવે નં.૩૮૧/૩થી નોંધાયેલી જમીનમાં આવેલ પ્લોટ નં.૨ થી ૫ તથા ૭થી ૧૨ તથા ૧૪ થી ૧૬ તથા ૧૮ થી ૨૩ ततथा ૨૬, ૨૭, ૨૯ વાળી ૯૧૪૪.૮૬ ચો.મી. જમીન ઉપર તા.૨૧/૧૧/૨૦૨૪ થી આજદિન સુધી આરોપી પ્રભાતભાઈ લલ્લુભાઈ દેસાઈ ઉર્ફે રબારી તથા બાબુભાઈ પ્રભાતભાઈ દેસાઈ ઉર્ફે રબારીએ ખોટી રીતે પોતાનો કબજો ચાલુ રાખવા માટે તબેલો બનાવી દીધો હતો. ફરિયાદી પોતાની માલિકીની જમીન ઉપર કમ્પાઉન્ડ વોલ બનાવવા જતાં કમ્પાઉન્ડ વોલ બનાવવા દીધી ન હતી. જમીન અંગે સને-૨૦૧૩ ના વર્ષમાં અદલા-બદલી અંગેનો દસ્તાવેજ કરી અને જમીનનો કબજો છોડવા માટે રૂ.૩,૪૨,૦૦,૦૦૦ મેળવી લઈ ફરિયાદીને કમ્પાઉન્ડ વોલ નહીં બનાવવા તેમજ જમીન ઉપર પોતાનો ગેરકાયદે કબજો ચાલુ રાખવાના આશયથી ખોટી રીતે દિવાની કેસો કરી ગુનો કર્યો હતો. આરોપીઓની આગોતરા જામીનઅરજીની વિરોધમાં સરકાર તરફે ડી.જી. પી. એન. એલ. સુખડવાલા તથા મૂળ ફરિયાદી તરફે વકીલ આર. કે. પાનવાલાએ દલીલ કરી હતી કે, આ જમીનમાં ફરિયાદીનો હક્ક ચાલી આવેલા અને આ અગાઉ જે અદલા-બદલીના દસ્તાવેજ પ્રમાણે ફરિયાદી તથા આરોપીઓએ એકમેકને જમીન વેચાણ કરી આપી હતી. તેમાં આરોપીઓએ ફરિયાદીની જમીનનો કબજો તો મેળવી લીધો હતો. પરંતુ પોતાની જમીનનો કબજો પરત મેળવી ફરિયાદીની જમીનમાં ગેરકાયદેનો કબજો કરી લેન્ડ ગ્રેબિંગનો ગુનો કર્યો હતો. કોર્ટે ફરિયાદ પક્ષ તરફેની દલીલો તથા આગોતરા જામીનઅરજીમાં કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની જરૂરિયાત સહિતનાં મુદ્દાઓ ધ્યાને લઈ આરોપીઓની આગોતરા જામીનઅરજી રદ કરી હતી.